# રાજય સ્તરીય બેંકર્સ સમિતિ, ગુજરાત
# સંયોજક : દેના બેંક
# પ્રધાનમંત્રી જન-ધન યોજના (પીએમજેડીવાય)

## <u>હમેશાં પુછવામાં આવતા પ્રશ્નો (FAQ)</u>

**પ્ર-1 પ્રધાનમંત્રી જન-ધન યોજના શું છે ?**

જ. પ્રધાનમંત્રી જન-ધન યોજના (પીએમજેડીવાય) રાષ્ટ્રીય નાણાકીય સમાવેશનું મિશન છે અને નાણાકીય સેવાઓ જેવી કે બેંકિંગ / બચત તથા ડિપોઝિટ ખાતા, ટ્રાન્સફર, લોન, વીમા, પેન્સન વગેરે વ્યાજબી રીતે ઉપલબ્ધી સુનિશ્ચિત કરે છે.

**પ્ર-2 પીએમજેડીવાય પહેલાના નાણાકીય સમાવેશ યોજના (સ્વાભિમાન) થી કઈ રીતે જુદી પડે છે ?**

જ. પીએમજેડીવાય કુંટુંબોના સમાવેશ ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે, જ્યારે પાછલી યોજના ગામડાઓ ના સમાવેશ ઉપર કેન્દ્રિત હતી. આ યોજના ગામડાઓ ઉપરાંત શહેરી વિસ્તારોના સમાવેશ ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે. પાછલી યોજનામાં માત્ર 2000 થી વધુ વસ્તીવાળા ગામડાઓ નો સમાવેશ કરાયો હતો, જ્યારે પીએમજેડીવાયમાં સંપૂર્ણ દેશના સમાવેશ માટે 1000-1500 કુંટુંબોના દરેક સબ-સર્વિસ એરિયામાં બેંકિંગ સવલતો પહોંચાડવી તેમજ આ સેવા 5 કિલોમીટર ના નજીવા અંતરે મળી રહે એ સુનિશ્ચિત કરે છે.

**પ્ર-3 પ્રધાનમંત્રી જન-ધન યોજના અંતર્ગત જોઇન્ટ/સંયુક્ત ખાતું ખોલાવી શકાય છે ?**

જ. હા, જોઇન્ટ/સંયુક્ત ખાતું ખોલાવી શકાય છે.

**પ્ર-4 આ યોજના અનુસાર હું કયાં ખાતું ખોલાવી શકું ?**

જ. ખાતું કોઈ પણ બેંકની નજીકની શાખામાં અથવા બેંક મિત્ર (BC) પાસે ખોલાવી શકાય.

**પ્ર-5 બીએસબીડી ખાતું શું છે ?**

જ. મૂળભૂત બચતખાતું (બીએસબીડી) એ રિઝર્વ બેંકના તારીખ 10-08-2012 ના પરિપત્ર દ્વારા દર્શાવવામાં આવેલ છે, જેની મુખ્ય વિશિષ્ટતાઓ નીચે મુજબ છે.

- ન્યૂનતમ બેલેન્સ ની કોઈ જરૂરિયાત નથી
- બેંક શાખા દ્વારા પૂરી પડાતી સેવા ઉપરાંત એટીએમ દ્વારા રોકડ જમા-ઉધાર, કોમ્પુટરાઇઝ લેવડ દેવડ તેમજ ચેક જમા-ઉધાર દ્વારા નાણાં પ્રાપ્ત કરવા અથવા મોકલવાની સુવિધા સામેલ છે.
- એક મહિનામાં વધુમાં વધુ એટીએમ સાથે 4 (ચાર) વખત ઉપાડ, નાણાં જમા કરાવવામાં કોઈ મર્યાદા નથી.
- એટીએમ કાર્ડ અને એટીએમ ડેબિટ કાર્ડ ની સુવિધા
- આ સેવાઓ કોઈપણ વધારાના ચાર્જ વગર આપવામાં આવશે.

**પ્ર-6 બેંક દ્વારા ખોલવામાં આવતા બીએસબીડીએ ખાતામાં વ્યક્તિની ઉંમર, આવક, નિર્ધારિત રકમ જેવા માપદંડ ની કોઈ મર્યાદા છે ?**

જ. 10 વર્ષ થી વધુ ઉંમર વાળી કોઈ પણ વ્યક્તિ બીએસબીડીએ ખાતું ખોલાવી શકે છે.

**પ્ર-7 રૂપે ડેબિટ કાર્ડ શું છે ?**

જ. રૂપે (RuPay) ડેબિટ કાર્ડ ભારતના નેશનલ પેમેન્ટ કોર્પોરેશન ઑફ ઈન્ડિયા દ્વારા રજૂ કરેલ સ્વદેશી સ્થાનિક ડેબિટ કાર્ડ છે. આ કાર્ડ દેશ ના દરેક એટીએમ (રોકડ નાણાં ઉપાડ) તથા પોઈન્ટઓફ સેલ મશીન (ખરીદી માટે) દ્વારા સ્વીકારવા માં આવે છે.

**પ્ર-8 પિન (PIN) નંબર શું છે ?**

જ. વ્યક્તિગત ઓળખ નંબર (પિન) એ રેન્ડમ પધ્ધતિથી નિર્માણ થયેલ નંબર છે જેનો ઉપયોગ એટીએમ મશીન માંથી નાણાં પ્રાપ્ત કરવા અથવા પીઓએસ મશીન દ્વારા ચુકવણી કરવામાં થાય છે.

**પ્ર-9 પોતાના રૂપે કાર્ડ ને કેવી રીતે સુરક્ષિત રાખી શકાય ?**

જ. રૂપે કાર્ડ લાભાર્થી એ આ કાર્ડ ને સુરક્ષિત રાખવાની જરૂરિયાત છે. પિન નંબર વારંવાર સમયાંતરે બદલવો જોઇયે તેમજ પિન નંબર કોઈપણ વ્યક્તિને ક્યારેય પણ બતાવવો જોઇયે નહીં. એટીએમ મશીન અથવા પીઓએસ ખાતે કાર્ડના ઉપયોગ વખતે પિન નંબર ખૂબ ગુપ્ત રીતે લખવો/નાખવો જોઈએ, જેથી કોઈપણ વ્યક્તિ તમારો પિન નંબર જોઈ શકે નહીં. તેમજ શક્ય હોય ત્યાં સુધી, આ કાર્ડનો ઉપયોગ અધિકૃત જગ્યાએ જ કરવો જોઈએ. તદ્દ ઉપરાંત, કાર્ડની ઉપર અથવા કોઈપણ સ્થાને પિન નંબર લખવો નહીં.

**પ્ર-10 રૂપે ડેબિટ કાર્ડ નો વિશિષ્ટ લાભ શું છે ?**

જ. આ ગ્રાહક ને બીજા કોઈ પણ ચાર્જ વગર ₹ 1 લાખ સુધી દુર્ઘટના વીમા કવચ પૂરું પાડે છે.

**પ્ર-11 અશિક્ષિત ગ્રાહકો ને પણ રૂપે કાર્ડ આપી શકાય છે ?**

જ. હા, પરંતુ શાખા પ્રબંધકે (બ્રાન્ચ મેનેજર) રૂપે કાર્ડ આપતા સમયે અશિક્ષિત એકાઉન્ટ ધારકને કાર્ડ સંબંધિત રહેલા જોખમોની યોગ્ય જાણકારી આપવાની રહેશે.

**પ્ર-12 મોબાઇલ નંબર ને બેંક ખાતા સાથે કઈ રીતે જોડી શકાય ?**

જ. ખાતા ધારકનો મોબાઇલ નંબર ખાતું ખોલવાના ફોર્મ માં આપેલી સૂચના અનુસાર બેંક ની ગ્રાહક સુરક્ષા આધારિત બેંક પ્રણાલીમાં નોંધે છે. તેમજ જૂના ખાતા ધારકો પણ, બેંક એટીએમ દ્વારા, નોંધાવેલ મોબાઇલથી એસએમએસ દ્વારા, નેટ બૅન્કિંગ વિગેરે માધ્યમ દ્વારા શાખા માં વિનંતી કરવાથી મળી શકે છે (દરેક બેંક માં જુદા-જુદા નિયમ હોઇ શકે છે).

**પ્ર-13 ડેબિટ કાર્ડ ને ઉપયોગિતા લાભિત કઈ રીતે રાખી શકાય ?**

જ. દુર્ઘટના વીમા કવચનો લાભ મેળવવા માટે, રૂપે ડેબિટ કાર્ડ દર 45 દિવસમાં ઓછામાં ઓછી એકવાર ઉપયોગ કરેલું હોવું જરૂરી છે.

**પ્ર-14 ડેબિટ કાર્ડ કેટલા સમય માટે માન્ય છે અને ડેબિટ કાર્ડ ને ફરીથી રિન્યૂ કેવી રીતે કરી શકાય ?**

જ. ડેબિટ કાર્ડની પૂર્ણ થવાની તારીખ કાર્ડ ઉપર જણાવવામાં આવે છે. ખાતા ધારકને વિનંતી કરવામાં આવે છે કે કાર્ડની મુદત પૂરી થાય તે પહેલા નવા કાર્ડ માટેની અરજી જે તે બેંકને કરવી.

**પ્ર-15 જો કોઈ વ્યક્તિ પાસે બે કે તેથી વધુ ખાતા હોય અથવા બે કે તેથી વધુ રૂપે કાર્ડ હોય, તો દુર્ઘટના વીમા કવચ પ્રત્યેક કાર્ડ ઉપર મળી શકે ?**

જ. જો કોઈ વ્યક્તિ પાસે બે કે તેથી વધુ ખાતા હોય અથવા બે કે તેથી વધુ રૂપે કાર્ડ હોય, તો પણ દુર્ઘટના વીમા કવચ માત્રને માત્ર એક કાર્ડ પર જ મળી શકે.

**પ્ર-16 પીઑએસ મશીન શું છે ?**

જ. પીઑએસ નો મતલબ છે વહેંચણી બિંદુ (સ્થળ). પીઑએસ મશીન એક નાનું યંત્ર છે જે ગ્રાહકો ને રોકડ ચુકવણી વગર ખરીદી ની સેવા પૂરી પાડે છે. જે લગભગ દરેક વેપારી સ્થળો પર લગાવવામાં આવે છે.

**પ્ર-17 જો કોઈ વ્યક્તિનું પહેલેથી કોઈ બેંકમાં ખાતું હોય અને પ્રધાન મંત્રી જન-ધન યોજના (પીએમજેડીવાય) અન્વયે અકસ્માત લાભ / જીવન વીમા કવચ નો લાભ મેળવવા બીજુ ખાતું ખોલાવવાની જરૂર છે ?**

જ. જે કોઈ વ્યક્તિનું પહેલેથી બેંકમાં ખાતું હોય, તો પીએમજેડીવાય યોજના અંતર્ગત ફરીથી ખાતું ખોલાવવાની જરૂર નથી. તેમણે વીમા કવચ ના લાભ માટે પોતાના ખાતામાં માત્ર રૂપે કાર્ડ મેળવવાનું રહશે.

**પ્ર-18 પીએમજેડીવાય ખાતામાં ₹ 5,000 નો ઓવરડ્રાફ્ટ શું છે અને આ સુવિધા કોને પ્રાપ્ત થાય છે ?**

જ. પીએમજેડીવાય ખાતામાં 6 મહિનાના સંતોષકારક લેવડ-દેવડ પછી ₹ 5,000 ના ઓવરડ્રાફ્ટની સુવિધા પરિવાર દીઠ એક ખાતામાં આપવામાં આવશે. જેનો બમણો (duplication) ઉપયોગ અટકાવવા માટે આધાર નંબર આવશ્યક રહશે. જો આધાર નંબર ઉપલબ્ધ ન હોય, તો બેંક વધુ ચોકસાઇ રાખવા લાભાર્થી પાસે ઘોષણાપત્ર (ગેરંટીપત્ર) મેળવશે.

**પ્ર-19 શું ઓવર ડ્રાફ્ટ ની સગવડ એક થી વધુ ખાતા માં મેળવી શકાશે ?**

જ. ના, દરેક પરિવારમાં ફકત એક વ્યક્તિ (ખાસ કરીને પરિવારની સ્ત્રી) ના ખાતામાં ₹ 5,000 ના ઓવરડ્રાફ્ટ ની સગવડ પ્રાપ્ત થશે.

**પ્ર-20 અકસ્માત વીમા કવચ શું છે અને આ વીમાના પ્રીમિયમની ચુકવણી કોણ કરશે ?**

જ. અકસ્માત વીમા કવચ ₹ 1,00,000 નું છે. જેનું પ્રીમિયમ લાભાર્થીએ ભરવાનું નથી અને જે પ્રીમિયમ નેશનલ પેમેન્ટ કોર્પોરેશન ઑફ ઈન્ડિયા (NPCI) ચૂકવશે. હાલની સ્થિતિ પ્રમાણે એક કાર્ડ પર ₹ 0.47 નું પ્રીમિયમ થાય છે.

**પ્ર-21 પતિ-પત્ની બંને પીએમજેડીવાય અંતર્ગત ખાતું ખોલે, તો બંને ખાતામાં ₹ 1 લાખ અકસ્માત વીમા કવચ તથા ₹ 30,000 જીવન વીમા કવચ તથા ₹ 5,000 ઓવરડ્રાફ્ટની સુવિધા મળી શકે ?**

જ. ₹ 1 લાખ અકસ્માત વીમા કવચ તથા ₹ 30,000 જીવન વીમા કવચ દરેક કાર્ડ ધારકને મળશે, પરંતુ ₹ 30,000 જીવન વીમા કવચ તથા ₹ 5,000 ની ઓવરડ્રાફ્ટ સુવિધા પરિવારમાં ફક્ત એક વ્યક્તિ (ખાસ કરીને ઘર ની સ્ત્રી સભ્ય) ને જ મળશે.

**પ્ર-22 પ્રધાનમંત્રી જન-ધન યોજનામાં ખાતા ખોલાવવા માટે ક્યા દસ્તાવેજ જરૂરી છે ?**

જ. (1) આધારકાર્ડ હોય, તો બીજા કોઈ દસ્તાવેજ ની જરૂર નથી.

(2) સરનામું બદલાઈ ગયું હોય, તો હાલ ના સરનામાનું પ્રમાણપત્ર જરૂરી છે.

(3) જો આધારકાર્ડ ન હોય, તો નીચે જણાવેલ સરકારી દસ્તાવેજ પૈકી કોઈપણ એક જરૂરી છે.

- મતદાર ઓળખ પત્ર
- ડ્રાઇવિંગ લાયસન્સ
- પાનકાર્ડ
- પાસપોર્ટ
- નરેગા કાર્ડ

(આ દસ્તાવેજોમાં જો તમારું સરનામું હોય, તો આ ઓળખાણ તેમજ સરનામા ના પુરાવા તરીકે કાર્ય કરશે)

(4) જો કોઈપણ વ્યક્તિ પાસે ઉપર જણાવેલ દસ્તાવેજ ન હોય તો બેંક દ્વારા ઓછા જોખમ વાળા વર્ગ માટે નીચે જણાવેલ દસ્તાવેજ માંથી કોઈપણ દસ્તાવેજ થી ખાતું ખોલાવી શકે છે.

(A) કેન્દ્ર અથવા રાજ્ય ના અધિકારી, બંધારણીય / રેવન્યુ અધિકારીઓ, જાહેર ક્ષેત્ર ના અધિકારી, અનુસૂચિત વાણિજય બેંકો તથા પ્રજાકીય વાણિજય સંસ્થાઓનું ફોટા વાળું ઓળખપત્ર.

(B) એક ગેઝેટ અધિકારી દ્વારા જારી કરેલ પત્ર જેમાં વ્યક્તિનો ફોટો પણ પ્રમાણિત કરેલ હોય.

**ભારતીય રિઝર્વ બેંકે તેની તા.26.08.2014 ની અખબારી યાદી માં નીચે મુજબ સ્પષ્ટતા કરી છે કે -**

" જે વ્યક્તિઓ પાસે કોઈપણ પ્રકારનો સરકારી દસ્તાવેજ ન હોય, તો પણ બેંકમાં નાનું ખાતું ખોલાવી શકે છે. નાનું ખાતું, પોતાના ફોટોગ્રાફ ઉપર બેંક અધિકારીની રૂબરૂ માં હસ્તાક્ષર અથવા અંગૂઠાનું નિશાન લગાવી પોતાનું ખાતું ખોલાવી શકે છે. આ ખાતામાં કુલ જમા રકમ (₹ 1,00,000 થી વધુ નહીં), કુલ ઉપાડ (માસિક ₹ 10,000/- થી વધુ વધુ નહીં) અને બાકી જમા રકમ (કોઈ પણ સમયે ₹ 50,000/- થી વધુ નહીં) સંબંધિત મર્યાદાઓ લાગુ પડે છે. આ ખાતું 12 મહિનાની મુદત માટે માન્ય ગણાશે. તદ્દ ઉપરાંત, આ ખાતું બીજા 12 મહિના માટે માન્ય રાખી શકાય, જો ખાતા ધારક દ્વારા જરૂરી દસ્તાવેજ માટે અરજી કરેલ હોય અને તેની નકલ આપે".

**પ્ર-23 વર્તમાન (હાલનું) સરનામું જો આધારકાર્ડ માં દર્શાવેલ ન હોય તથા તે અલગ હોય, તો આધાર કાર્ડ ઉપર પ્રધાનમંત્રી જન-ધન યોજનામાં ખાતું ખોલાવી શકે છે ?**

જ. જો સરનામું બદલાઈ ગયું હોય, તો વર્તમાન (હાલના) સરનામાનું સ્વ-પ્રમાણપત્ર પૂરતું છે.

**પ્ર-24 પ્રધાનમંત્રી દ્વારા તા.28.08.2014 ના પોતાના પ્રવચનમાં ₹ 30,000/- ના વીમા કવચ ની જાહેરાત કરી તેનો શો અર્થ છે ?**

જ. પ્રધાનમંત્રી દ્વારા તા.28.08.2014 ના રોજ જાહેરાત કરેલ યોજનાના નીતિ નિયમો ઝડપથી નિર્ધારિત કરી, જાહેર જનતા સામે ખૂબજ ટૂંક સમયમાં પ્રચારિત કરવામાં આવશે.

**પ્ર-25 શું પ્રધાનમંત્રી જન-ધન યોજના અંતર્ગત ખોલાવેલ ખાતામાં ચેક બૂક આપવામાં આવશે ?**

જ. પીએમજેડીવાય માં શૂન્ય બેલેન્સથી ખાતા ખોલવામાં આવે છે, તેમ છતાં, જો ખાતાધારક પોતે ચેક બૂક લેવા માંગતા હોય, તો તેમણે જે તે બેંકના નિયમ અનુસાર ન્યૂનત્તમ બેલેન્સના માપદંડ નું પાલન કરવું પડશે.

# રાજય સ્તરીય બેંકર્સ સમિતિ, ગુજરાત
# સંયોજક : દેના બેંક
# પ્રધાનમંત્રી જન-ધન યોજના (પીએમજેડીવાય)

**પ્ર-26 પ્રધાનમંત્રી જન-ધન યોજનાના ખાસ / વિશેષ લાભો ક્યાં છે ?**

જ. આ યોજનામાં રહેલ વિશેષ લાભો આ મુજબ છે -

1. જમા રાશિ ઉપર વ્યાજ
2. એક લાખ રૂપિયાનું દુર્ઘટના વીમા કવચ
3. કોઈ ન્યુનત્તમ બેલેન્સની જરૂર નથી, તેમ છતાય, રૂપે કાર્ડની મદદથી રકમ ઉપાડવા માટે થોડી રકમ જમા રાખવામાં આવે એ હિતાવહ છે.
4. ₹ 30,000 નું જીવન વીમા કવચ
5. ભારત ભરમાં સહેલાઈ થી રકમ ટ્રાન્સફર થઈ શકશે.
6. સરકારી યોજનાના લાભાર્થીઓને તેમના આ ખાતામાં સીધા લાભો જમાં કરવામાં આવશે.
7. 6 મહિના સુધી ખાતામાં સંતોષજનક લેવડ-દેવડ પછી ઓવરડ્રાફ્ટની સુવિધા આપવામાં આવશે.
8. પેન્શન તથા વીમાની સુવિધા મળી શકશે.

**પ્ર-27 મારી પાસે ખાતું ખોલાવવા માટે જરૂરી માન્ય દસ્તાવેજ નથી, તો શું હું બેંકમાં ખાતું ખોલાવી શકું ?**

**જ. ભારતીય રિઝર્વ બેંકે તેની તા.26.08.2014 ની અખબારી યાદી માં નીચે મુજબ સ્પષ્ટતા કરી છે કે -**

"જે વ્યક્તિઓ પાસે કોઈપણ પ્રકારનો સરકારી દસ્તાવેજ ન હોય, તો પણ બેંકમાં નાનું ખાતું ખોલાવી શકે છે. નાનું ખાતું, પોતાના ફોટોગ્રાફ ઉપર બેંક અધિકારીની રૂબરૂ માં હસ્તાક્ષર અથવા અંગૂઠાનું નિશાન લગાવી પોતાનું ખાતું ખોલાવી શકે છે. આ ખાતામાં કુલ જમા રકમ (₹ 1,00,000 થી વધુ નહીં), કુલ ઉપાડ (માસિક ₹ 10,000/- થી વધુ વધુ નહીં) અને બાકી જમા રકમ (કોઈ પણ સમયે ₹ 50,000/- થી વધુ નહીં) સંબંધિત મર્યાદાઓ લાગુ પડે છે. આ ખાતું 12 મહિનાની મુદત માટે માન્ય ગણાશે. તદ ઉપરાંત, આ ખાતું બીજા 12 મહિના માટે માન્ય રાખી શકાય, જો ખાતા ધારક દ્વારા જરૂરી દસ્તાવેજ માટે અરજી કરેલ હોય અને તેની નકલ આપે".

**પ્ર-28 પ્રધાનમંત્રી જન-ધન યોજના હેઠળ ખાતામાં બચત ઉપર કેટલું વ્યાજ મળશે ?**

જ. બચત ખાતામાં મળવાપાત્ર વ્યાજ દર (હાલમાં મોટા ભાગની બેંકોમાં 4% મુજબ), પ્રધાનમંત્રી જન-ધન યોજના હેઠળ ખોલાવેલ ખાતામાં પણ લાગુ પડશે.

**પ્ર-29 પ્રધાનમંત્રી જન-ધન યોજનામાં ઓવરડ્રાફ્ટ સગવડ ઉપર કેટલું વ્યાજ લેવામાં આવશે ?**

જ. બેંક દર + 2% અથવા 12% માં જે ઓછો દર હોય તે પ્રમાણે, હાલમાં તે વાર્ષિક 12% પ્રમાણે લાગશે.

# રાજય સ્તરીય બેંકર્સ સમિતિ, ગુજરાત
# સંયોજક : દેના બેંક
# પ્રધાનમંત્રી જન-ધન યોજના (પીએમજેડીવાય)

**પ્ર-30 શું બેંકો ભવિષ્યમાં ખાતા ખોલવા માટે કેમ્પનું આયોજન કરશે ?**

જ. હા, રાષ્ટ્રીયકૃત બેંકોને દર શનિવારે સવારે 8.00 થી સાંજે 8.00 વાગ્યા સુધી કેમ્પનું આયોજન કરવાનું જણાવેલ છે. તદ્દ ઉપરાંત, બીજા દિવસોમાં પણ અન્ય કેમ્પનું આયોજન કરી શકે છે.

**પ્ર-31 જો મારી પાસે આધારકાર્ડ મેળવવા માટે ના જરૂરી પુરાવા હોય, તો બેંક માંથી આધારકાર્ડ મેળવી શકાય, તેમજ સાથો સાથ પીએમજેડીવાય હેઠળ ખાતું ખોલાવી શકું છું ?**

જ. આધારકાર્ડ યુઆઇડીએઆઈ (UIDAI) દ્વારા આયોજિત કેમ્પ દ્વારા મેળવી શકાય છે. ખાતા ખોલાવવા માટેના કેમ્પોમાં પણ આધારકાર્ડ મેળવવા માટેના કાઉન્ટરની સગવડ માટે ના પ્રયત્નો ચાલુ છે.

**પ્ર-32 શું પીએમજેડીવાય હેઠળ ખાતું ખોલાવવા માટે કોઈ ચાર્જ / ફી ચૂકવવાની જરૂર હોય છે ?**

જ. ના, પીએમજેડીવાય હેઠળ ખાતું ખોલાવવા માટે કોઈપણ ચાર્જ / ફી ચૂકવવાની જરૂર નથી.

**પ્ર-33 શું કોઈ સગીર (18 વર્ષથી નીચેની વ્યક્તિ) પીએમજેડીવાયમાં ખાતુ ખોલાવી શકે છે ?**

જ. કોઈપણ સગીર જેની ઉંમર 10 વર્ષ થી વધુ હોય, તે તેનું બચતખાતું કોઈપણ બેંકમાં ખોલાવી શકે છે.

**પ્ર-34** વ્યવસાય **પ્રતિનિધિ / બેંક મિત્ર કોણ હોઈ શકે અને પીએમજેડીવાય માં તેની શું ભૂમિકા છે ?**

જ. વ્યવસાય પ્રતિનિધિ / બેંક મિત્ર જ્યાં બેંકોની શાખાઓ / એટીએમ ખોલવા અશક્ય છે, ત્યાં બેંકિંગ સેવાઓ પૂરી પાડવા માટે બેંક દ્વારા નિમણુક કરવામાં આવે છે. વ્યવસાય પ્રતિનિધિ / બેંક મિત્રની સેવાઓ નીચેના કાર્યો માટે જરૂરી છે.

- બચત તથા અન્ય ઉત્પાદન, શિક્ષા માટે જાગરુકતા લાવવા અને નાણાંના વહીવટ સંબંધી સલાહ તથા લોન સંબંધી સલાહ સૂચનો આપે છે
- સંભવિત ગ્રાહકોની ઓળખાણ માટે
- થાપણો (deposit) માટેના ફોર્મ લેવા, તેનો સંગ્રહ કરવાની સાથે, પ્રાથમિક માહિતી / આંકડાઓની પ્રાથમિક તપાસ કરવી
- આવેદનો અને ખાતા ખોલવા માટે જરૂરી ફોર્મ ભરવું
- નાની રકમો એકઠી કરવી તેમજ ઉપાડ તથા ટ્રાન્સફર કરવી
- નાની રકમો ના જમા/ઉપાડ તેમજ બીજા ઉપાડ માટે સૂચના મેળવવી
- મીની સ્ટેટમેંટ તથા ખાતા બાબતે અન્ય માહિતી પૂરી પાડવી
- બીજી સેવાઓ જે બેંક માટે અન્ય અધિકારી દ્વારા સૂચના આપવામાં આવે તે

# રાજય સ્તરીય બેંકર્સ સમિતિ, ગુજરાત
# સંયોજક : દેના બેંક
# પ્રધાનમંત્રી જન-ધન યોજના (પીએમજેડીવાય)

**પ્ર-35 બેંકિંગ સેવાઓના ઉપયોગમાં બેંકમિત્ર કેવી રીતે મદદ કરી શકે ?**

જ. બેંકમિત્ર બેંકનું પ્રતિનિધિત્વ કરે છે અને ખાસ કરીને જ્યાં બેંકની (બ્રિક્સ અને મોર્ટલ) શાખા ખોલવા માટે સધ્ધર નથી, ત્યાં બેંકિંગ સેવાઓ ઓછા ખર્ચમાં મર્યાદા સાથે પૂરી પાડે છે. આમ બેંકમિત્ર, બેંકના પ્રતિનિધિ સ્વરૂપે નાણાકીય સમાવેશના લક્ષને પ્રાપ્ત કરવા માટે બિઝનેસ વ્યૂહરચનાનો એક અભિન્ન ભાગ છે.

**પ્ર-36 બેંક એજંટ (Agent) કોણ બની શકે છે ?**

જ. બેંકોને બેંક એજંટના રૂપમાં વ્યક્તિઓ/સંસ્થાઓ જેવી કે (1) રીટાયર્ડ બેંક કર્મચારી, (2) રીટાયર્ડ શિક્ષક, (3) રીટાયાર્ડ સરકારી કર્મચારી, (4) ભૂતપૂર્વ કર્મચારી, (5) ભુતપૂર્વ સૈનિક, (6) કિરાણા / મેડિકલ / વ્યાજબી દર ની દુકાનો ના વ્યક્તિગત માલિકો, પબ્લિક ફોન બૂથ ના માલિકો, ભારત સરકાર/વીમા કંપનીઓમાં નાની બચત યોજનાના એજંટો તથા ભારતીય કંપની અધિનિયમ મુજબ રજીસ્ટર્ડ લાભ મેળવવા વાળી કંપની ને કામ પર રાખવાની અનુમતિ આપવામાં આવી છે. આ ઉપરાંત, તારીખ 24.06.2014 થી ભારતીય રિઝર્વ બેંક દ્વારા જમા રકમ ન સ્વીકારી શકે તેવી એનબીએફસી (NBFC) ને વ્યવસાય પ્રતિનિધિ (BC) ના રૂપમાં નિમણૂક કરવાની માન્યતા આપવામાં આવેલ છે.

**પ્ર-37 શું હું મારૂં પીએમજેડીવાય ખાતું મારી બદલી થયેલ અન્ય શહેર/રાજ્યમાં ટ્રાન્સફર કરાવી શકું છું ?**

જ. હા, પ્રધાનમંત્રી જન-ધન યોજનામાં ભાગ લઈ રહેલી બધી બેંકો સીબીએસ (કોર બેંકિંગ સમાધાન) આધારિત છે અને જેથી આ ખાતું સરળતાથી ખાતા ધારકની અરજી / વિનંતી મુજબ કોઈપણ શહેર / નગર માં બેંકની કોઈપણ શાખામાં ટ્રાન્સફર કરી શકાય છે.

**પ્ર-38 યુએસએસડી (USSD) આધારિત ટ્રાન્ઝેક્શન શું છે અને તેનો કેવી રીતે ઉપયોગ કરાય ?**

જ. યુએસએસડી "બિનમાળખાકીય પુરવઠીય સેવા ડેટા" આધારિત વધારાની સેવા છે. જે મોબાઇલ બેંકિંગ દ્વારા પૈસા ટ્રાન્સફર, બિલો ની ચુકવણી, બેલેન્સની માહિતી, વ્યાપારી ચુકવણી વગેરે, મુળભૂત બેંકની સેવાઓ એક સામાન્ય જીએસએમ (GSM) આધારિત મોબાઇલ ફોન પર પણ મેળવી શકાય છે. જેના માટે કોઈપણ મોબાઇલ એપ્લિકેશન (Mobile Apps) ડાઉનલોડ કરવાની જરૂર નથી, જે હાલ તત્કાલ ઉપાડ ની સુવિધા આધારિત મોબાઇલ બેંકિંગ (IMPS) માટે જરૂરી છે. જે વ્યવહારો મૂળભૂત ફોન હેન્ડસેટ પર કરી શકાય છે. જેના ઉપયોગ માટે ઉપભોગતાએ પોતાનો મોબાઇલ નંબર જે તે બેંકમાં નોંધાવવો પડે છે. ત્યારબાદ બેંક ઉપભોગતા / વપરાશકર્તા ને એક MPIN (મોબાઇલ પિન) આપશે. ઉપભોગતા / વપરાશકર્તાએ ત્યારબાદ *99# ડાયલ કરવો અને યુએસએસડી મેનુ ખોલવાની જરૂર પડે છે. ત્યાર પછી ગ્રાહકે ટ્રાન્ઝેક્શન પૂર્ણ કરવા મેનુના યોગ્ય વિકલ્પની પસંદગી કરવાની રહેશે. ટેલિકોમ ઓપરેટર દ્વારા જે તે ચાર્જ લાગુ પડે છે (જે ટ્રાઈ દ્વારા પ્રતિ ટ્રાન્ઝેક્શન વધુમાં વધુ ₹ 1.50 ની મર્યાદા ફરજિયાત કરેલ છે).